ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૨૨
અંક : ૨

## વર્ષ ૨૦૩૦ સુધીમાં સાતત્યપૂર્ણ વપરાશ અને ઉત્પાદન પેટર્ન સુનિશ્ચિત કરવી.

૧૨.૧ સાતત્યપૂર્ણ વપરાશ અને ઉત્પાદન પેટર્ન અંગેના ૧૦ વર્ષીય કાર્યક્રમના માળખાનો અમલ જેમાં તમામ દેશો પગલાં લેશે અને વિકસિત રાષ્ટ્રો આગેવાની લેતાં વિકાસશીલ રાષ્ટ્રોની ક્ષમતાઓ અને વિકાસને ધ્યાનમાં રાખશે.

૧૨.૨ સાતત્યપૂર્ણ સંચાલન અને કુદરતી સંસાધનો અસરકારક ઉપયોગ.

૧૨.૩ રિટેલ અને ગ્રાહક સ્તરે માથાદીઠ વૈશ્વિક આહારનો બગાડ અડધો કરવો, લણણી પછીના પાકના નુકસાન, પૂરવઠા માળખામાં થતા આહારના નુકસાનને ઘટાડવું.

૧૨.૪ રસાયણો તથા તમામ બગાડને તેના જીવનકાળ દરમિયાન પર્યાવરણીય સ્થિર સંચાલન સિદ્ધ કરવા સંમત થયેલા આંતરરાષ્ટ્રીય માળખાના અનુસરણમાં હાંસલ કરવું અને તેને હવામાં, પાણીમાં કે જમીનમાં છોડવાનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટાડવું જેથી તેની માનવ આરોગ્ય અને પર્યાવરણ ઉપરની વિપરીત અસરોને લઘુતમ કરી શકાય.

૧૨.૫ પુનઃવપરાશ અટકાયત ઘટાડા રિસાયકિંલગ દ્વારા કચરાના સર્જનને નોંધપાત્ર સ્તરે ઘટાડવું.

૧૨.૬ મોટી અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ સહિતની કંપનીઓને તેમની રિપોટિંગ સાઈકલમાં સાતત્યપૂર્ણતા માહિતીને એકીકૃત અને સાતત્યપૂર્ણ પ્રક્રિયાઓને આત્મસાત કરવા પ્રોત્સાહિત કરવી.

૧૨.૭ રાષ્ટ્રીય નીતીઓ અને પ્રાથમિકતાઓના અનુસરણમાં સાતત્યપૂર્ણ હોય તેવી જાહેર પ્રાપ્તિ પ્રક્રિયાઓને પ્રોત્સાહિત કરવી.

૧૨.૮ દરેક સ્થળે રહેલા લોકો પાસે સાતત્યપૂર્ણ વિકાસ અને કુદરતને અનુરૂપ જીવનશૈલી વિષેની સંલગ્ન માહિતી અને જાગૃતિ હોય.

૧૨. (એ) વપરાશ અને ઉત્પાદનની વધુ સાતત્યપૂર્ણ પેટર્ન પરત્વે પ્રયાણ કરવાની વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ ક્ષમતાને સુદ્રઢ કરવાને સહાયભૂત થવું.

૧૨. (બી) રોજગારની તકોનું સર્જન કરવુ અને સ્થાનિક સંસ્કૃતિ તથા સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહિત કરે તેવા સાતત્યપૂર્ણ પર્યટન માટે વિકાસ અસરોનું નિરીક્ષણ કરવા સાધનો વિકાસ અને અમલ કરવો.

૧૨. (સી) રાષ્ટ્રીય સંજોગોને અનુરૂપ રહીને બજાર સાથેના ચેડાં દૂર કરીને અશ્મિભૂત – ઈંધણના દુર્વ્યયપૂર્ણ વપરાશને પ્રોત્સાહન આપતી તેના પરની બિનકાર્યક્ષમ સબસિડીને તર્કસંગત બનાવવી, જેમાં સામેલ હોય કરવેરાનું પુનર્ગઠન અને તબકકાવાર આ સબસિડીઓ જયાં પણ અસ્તિત્વમાં હોય તેને દૂર કરવી, જેથી તેની પર્યાવરણને લગતી અસરોને પરાવર્તિત કરી શકાય અને તે માટે વિકાસશીલ દેશોની ચોકકસ જરૂરિયાતો તથા સ્થિતિને સંપૂર્ણપણે ધ્યાનમાં રાખવામાં આવે અને તેની સંભવિત વિપરીત અસરોને એ રીતે ઓછામાં ઓછી કરી શકાય કે જેથી ગરીબો અને અસરગ્રસ્ત સમુદાયોને રક્ષણ મળે.

**આળસએ ઈશ્વરે આપેલા હાથ પગનુ અપમાન છે.**

## બાળસુરક્ષા અને અધિકારો પ્રત્યે જવાબદેહીતા ચાઈલ્ડલાઈન, ૧૦૯૮

સામાજીક વિકાસના મહત્વનાં અંગ તરીકે બાળકોના ઉછેર અને અને અધિકારો પ્રત્યેની સજાગતા કોઈ દેશની શાસન વ્યવસ્થાનું આગવું લક્ષણ હોય છે. ત્યારે આપણા દેશમાં પણ આ બાબતે મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય ભારત સરકારની દેખરેખ નીચે ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા ફાઉન્ડેશન સમગ્ર દેશમાં ૧૦૯૮ હેલ્પલાઈન નંબરથી ૨૪ કલાક માટે બાળકોની સુરક્ષા માટે કામગીરી કરી રહયું છે. આ માતૃસંસ્થા સાથે સમગ્ર દેશમાં બાળ અધિકારો ક્ષેત્રે કાર્યરત જુદી જુદી સંસ્થાઓ કામગીરી કરી રહેલ છે. તે પૈકી અમરેલી જીલ્લામાં ચાઈલ્ડ લાઈન ૧૦૯૮ પ્રોજેકટની જવાબદારી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રને સોંપવામાં આવી છે. આ જીલ્લામાં ૧૪ ઓગસ્ટ ૨૦૧૯થી શરૂ થયેલ આ પ્રોજેકટ હાલ સુધીમાં અમરેલી શહેર અને ગ્રામ વિસ્તારોમાં ટીમના સભ્યો મારફત બાળકો, વાલીઓ, શિક્ષકો, સરકારી એજન્સીઓ અને અન્ય મદદરૂપ જાગૃતિ સ્વયંમસેવકો સાથે ૧૦૯૮ હેલ્પલાઈન નંબર અને બાળસુરક્ષા, સંભાળ અને અધિકાર પ્રત્યે જનજાગૃતિ કેળવવા અર્થે જોડાણ સાધી રહેલ છે. આ અંગે જીલ્લાની સંલગ્ન સંસ્થાઓ અને સરકારી એજન્સીઓ સાથે એક દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમ પણ કરવામાં આવેલ છે. જેથી સરકારી તંત્ર અને સહયોગી સંસ્થાઓ સાથે એક સુત્રતા જળવાઈ રહે. શહેરના મોટા ભાગના ઝુપડપટ્ટી વિસ્તારો, જાહેરસ્થળ, શાળાઓ અને શહેરની બહારના વિસ્તારોમાં નિયત સમયે મુલાકાત, લઈને માહિતી આપીને કામગીરી કરવામાં આવી છે અને સાથે સાથે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોની શાળાઓમાં જન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરીને પણ બાળકોને પોતાની સુરક્ષા, અધિકારો અને શિક્ષણ પ્રત્યે જાગૃત કરવાના પ્રયત્નો કરવામાં આવી રહયા છે. આ કામગીરી માટે બેનર, પેમ્પલેટ, સ્ટીકર, સમજાવટ, રમતગમત, મુલાકાત, કાઉન્સેલીગ, ચાર્ટપેપર વગેરે માધ્યમોનો ઉપયોગ કરવામાં આવી રહયો છે. જે પૈકી જનજાગૃતિ સંદર્ભે ૩૩ આઉટરીચ ૮ ઓપનહાઉસ અને ૪ સ્કુલ પ્રોગ્રામ કરેલ છે. જે અવિરત પણે ચાલુ રહેશે.

**– રમેશ ચૌહાણ**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર હેઠળનાં પીયુ૧૪ ટીંબી અને પીયુ૨૭ ધોકડવા ખાતેનાં ગામોમાં સીએસપીસીના સહયોગથી વોટર રીસોર્સ મેનેજમેન્ટ અંતર્ગત કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ખેત તલાવડી, ચેકડેમ –તળાવ રીનોવેશન વગેરેનો સમાવેશ થાય છે.

**પ્રિય વાચક મિત્રો,**

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

*બુદ્ધિ તકરાર કરાવે છે જ્યારે હૃદય એકરાર કરાવે છે.*

## આરઆઈઆર ડેટાની તથા જેન્ડર તાલીમ

તા.૧૦–૦૨–૨૦૨૦નાં કોટન કનેકટ કચેરી અમદાવાદ ખાતે આરઆઈઆર ડેટા તથા જેન્ડર તાલીમ કાર્યક્રમ સમીરભાઈ પંડિતનાં આયોજન નીચે યોજવામાં આવેલ જેમાં સંસ્થા તરફથી ધીરુભાઈ વાગડીયા, નરેન્દ્રભાઈ પોકીયા, પરેશભાઈ સોલંકી, શિલ્પાબેન ટાંક, અજયભાઈ જાદવ, મનાલી પિત્રોડા, શ્રધ્ધા કથીરિયા, તાજગી સાગરકાએ હાજરી આપી જયારે પીયુ મેનેજરશ્રી પ્રવિણભાઈ, ભરતભાઈ અને અશોકભાઈએ કોન્ફરન્સ કોલ દ્વારા RIR નાં પ્રશ્નો અંગે ચર્ચા કરી.

RIR ડેટા તૈયાર કરવાની, તેમાં પડતી મુશ્કેલીઓ અને સમય મર્યાદામાં પૂર્ણ કરવાની કામગીરી અંગે વિસ્તૃત માર્ગદર્શન સમીરભાઈ દ્વારા આપવામાં આવ્યું. RIR ડેટા માટેનાં નિયત ફોર્મેટ સિવાય વધારાની ખાસ માહિતી દર્શાવવી હોય તો આ અંગે કંઈ પદ્ધતિ અપનાવી શકાય અને તમામ એન્ટ્રી એક–બીજા સાથે કંઈ રીતે સુસંગત છે અને તેમાં કયાં પ્રકારની કાળજી લેવી તેની સમજણ આપવામાં આવી. દવા, સ્પ્રે, તાલીમાર્થીઓ, મજૂરો, ભાડાથી કરાવેલ કામગીરી, બળતણ વપરાશ વગેરે વિગતો બાબતે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું.

બપોરપછીનાં સેશનમાં રૂદ્રાણીબેન ઓઝા દ્વારા તાલીમ આપવામાં આવી જેમાં APC પોલીસી એટલે કે એન્ટી પ્રાઈમરી એન્ડ કરપ્શન વિશે જાણકારી આપી અને POSCO એટલે કે પ્રિવેનશન ઓફ સેકસુઅલ હેરેસમેન્ટ એકટ વિશે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી.

શારીરિક, માનસિક, શુરવીર, છોકરીની છેડતી કરવી, ખેતરમાં હળ ચલાવવું, કપાસ ઉતારવો જેવા શબ્દો બધા કાર્યકરો પાસેથી બોર્ડ પર લખીને ચર્ચા કરવામાં આવી.

તાલીમાર્થીઓનાં RIR ડેટા, જેન્ડર અંગેની કામગીરીમાં પડતી મુશ્કેલીઓ અંગે પ્રશ્નોતરી કરવામાં આવી જેનુ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. અંતમાં ગેમ રમાડીને તાલીમ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.



**ધનવાન નસીબથી જયારે ખાનદાન સંસ્કારથી બની શકાય છે.**

## કૃષિલક્ષી નવી ટેકનોલોજી આધારીત પ્રેરણા પ્રવાસ

એસએસકેકે અને સીએસપીસી અંતર્ગત ચાલતા ઉતમ કપાસની પહેલ કાર્યક્રમ પીયુ ટીંબી, પીયુ ધોકડવા ખાતે ચાલી રહેલ છે જેમાં ૧૨૦૦૦ ખેડુતો જોડાયેલા છે. આ ખેડુતોને વર્ષ દરમ્યાન અવારનવાર ખેતીલક્ષી પ્રેરણા પ્રવાસ યોજવામાં આવે છે. જે અન્વયે ટીંબી–ધોકડવા પ્રોડયુસર એકમનાં ખેડુતોને તા.૧૯–૨૦/૨/૨૦૨૦ ના રોજ જુનાગઢ ખાતે કૃષિલક્ષી નવી ટેકનોલોજી આધારિત પ્રેરણા પ્રવાસનુ આયોજન કરવામાં આવેલ. જેમાં નીચે દર્શવ્યા મુજબની થતી કામગીરી અને નિદર્શન કરાવવામાં આવ્યું.

૧) નવી ટેકનોલોજી આધારિત ખેતીમાં વપરાતા જુદા જુદા પ્રકારના સાધનો જેવા કે બેટરી સંચાલિત સ્પ્રેયર, વિવિધ પ્રકારની નવી ટેકનોલોજીથી ચાલતાં ટપક, ફુવારાપદ્ધતિ, ખેતીના સુસંગત ઓજારો, નિંદામણ માટેની નવી ટેકનોલોજી આધારિત મશીનરી, ટ્રેકટરથી ચાલતાં દવા છંટકાવ કરવાના સાધનો, મોબાઈલ એપ્લીકેશન આધારિત, એગ્રીકલ્ચર સ્પ્રેઈંગ ડ્રોન વગેરેનું કૃષિ યુનિવર્સીટી દ્વારા નિદર્શન અને વિસ્તૃત સમજણ આપવામાં આવી તેમજ બાગાયતી પાકોનો સ્ટોલનું પણ નિદર્શન કર્યુ જેમાં બાગાયતી પાકોની સંર્પૂણ માહીતી પણ આપવામાં આવી.

૨) સરદાર સ્મૃતિ કેન્દ્ર વિસ્તરણ વિભાગનાં ડો. આઈ.બી. કાપડીયા દ્વારા ઘઉંનાં પાક અંગેની સંર્પૂણ વિગતો જેવી કે ઘઉંની વાવણી, લરણી, પિયત, ખાતર અને બિયારણની પસંદગી જેવા અનેકવિધ મુદા ઉપર ખેડુતોને સમજણ આપવામાં આવી અને ખેડુતો દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોનો યોગ્ય ઉતરો સાથે વિસ્તૃત માહીતી આપવામાં આવી સાથે–સાથે ઘઉંની સુધારેલી નવી જાતો જેવી કે જીડબલ્યુ– ૪૬૬ જે લોકવન પ્રકારની જાત છે અને જીડબલ્યુ–૪૫૧ જે ટુકડા પ્રકારની જાત છે તેમજ ખારાશવાળા વિસ્તાર માટે કેઆરએલ–૨૧૦ વિશેની સમજણ પૂરી પાડવામા આવી.



**જીવન દુઃખ નથી આપતું પરંતુ વિચારેલા નિર્ણયો દુઃખ આપે છે.**

૩) ડો. વાય. એ. કાવડીયા (પેથોલોજી) દ્વારા શાકભાજી અને ફળપાકોમાં જંતુનાશક દવાના અવશેષો અને તેનુ નિવારણ બાબતે માહિતી આપવામાં આવી. જે મુજબ ઉપયોગ કરતા પહેલા શાકભાજી અને ફળોને યોગ્ય પદ્ધતિથી દવાના અવશેષોનો નાશ કરી શકાય તે અંગેની માહિતી આપવામાં આવી. અને આ અવશેષોથી માનવ જીવનને ખેતીમાં ઉપયોગી પરભક્ષી અને પરજીવી જીવાતો કિટકોનો નાશ કરે છે. જીવાતોમાં પ્રતિકારક શકિત વધે છે. તે અંગેની સમજણ આપવામાં આવી.

૪) કૃષિ યુનિવર્સીટીનાં શ્રી ડો. જી.આર. ગોહીલ દ્વારા ખેતી વિષયક વિવિધ માહિતી જેવી કે ઉતમ ખેતી માટે ખેડ, ખાતર અને પાણી સાથે–સાથે નવી ટેકનોલોજીનું જોડાણ અંગે, ખેતીમાં મહિલાઓની ભાગીદારી, આજનાં સમયમાં ખેતીનું મહત્વ જેમાં બિયારણ, દવાની પસંદગી અંગેની માહિતી આપવામાં આવી. અને ખેડુતો પાસે ખેતી વિષયક માહિતી મળી રહે એ માટે દરેક ખેડુતે કૃષિ લાયબ્રેરી વસાવવી જોઈએ. તે માટે કૃષિ સાહિત્ય, કૃષિ મેગેજીન વગેરેનાં બહોળા પ્રમાણમાં સંગ્રહ અને ઉપયોગ કરવો જોઈએ તે અંગે જાણકારી આપવામાં આવી. અને જુનાગઢ યુનિવર્સીટી સંચાલિત વેબસાઈટનો કાયમી ધોરણે ઉપયોગ કરવા જણાવ્યું.

૫) ત્યારબાદ પશુ સંવર્ધન કેન્દ્રની મુલાકાત કરવામાં આવી જેમાં ડો.વી.કે.કરંગીયા દ્વારા પશુપાલન અંગેની સમજણ આપવામાં આવી. જેમાં ગીરગાય, જાફરાબાદી ભેંસ વર્ગના પશુઓ માટે દિવસ દરમ્યાન સુકો–લીલો ચારો આપવા જોઈએ અને પશુઓની કેવી રીતે કાળજી લેવાય તેની સમજણ આપવામાં આવી તેમજ કૃત્રિમબીજ દાનનું મહત્વ સમજાવવામાં આવ્યું અને પશુઓનાં છાણ–મુત્રમાંથી અળશીયાનું ખાતર (વર્મી કમ્પોસ્ટ) નુ યુનિટ બતાવવામાં આવ્યુ અને તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવ્યું.

આમ આ પ્રેરણા પ્રવાસથી ખેડુતોને કૃષિ વિષયક નવી ટેકનોલોજી અંગેની જાણકારી, ટેકનોલોજી આધારીત સાધનો અને પશુઓનું સંવર્ધન વગેરેની માહિતી પુરી પાડવામાં આવી.



**એવી કોઈ મંઝિલ નથી જ્યાં પહોંચવા માટેનો માર્ગ ન હોય.**

## ખેડૂત, ખેતર અને જીવામૃત

તમે કહો છો આ ખેતર માઢ છે.
તો એક વખત તો જીવામૃત નો ડોઝ આપો ને.
તમે કહો છો આ માલિકી મારી છે.
તો રસાયણિક ખાતરથી છુટકારો આપો ને.
તમે કહો છો કે આજ મારી આજીવિકા છે.
તો એક વખત તો ઝેરથી છુટકારો આપો ને.
તમે કહો છો કે હવે કઈ વધતું નથી.
તો એક વખત તો પાણી ઓછું આપોને.
તમે કહો છો કે સ્પ્રે કરી ને થાકી ગયો
અરે એક વખત તો નીમ ઓઈલ ચાખવા આપો ને.
તમે કહો છો કે ખર્ચ વધી ગયો.
અરે એક વખત તો છાણીયું ખાતર આપોને.
તમે કહો છો કે હવે પાણી ખારૂં થઈ ગયું.
તો હવે ટપક પદ્ધતિના દર્શન કરાવો ને.
તમે કહો છો કે હવે કઈ પાકતું નથી.
તો અળસિયા ને વહાલ કરવાનો મોકો આપોને.
તમે કહો છો કે ઓર્ગેનિક કાર્બન ખતમ થઈ ગયો.
તો હવે ઝેરથી છુટકારો આપોને.
હવે થાકી છું તમારી આકરી નોકરી થી.
એક વખત તો જીવામૃત પીવા આપોને.
આ છું તમારી આજીવિકા ની માલિકી,
તો પછી મને પણ જીવવા નો મોકો આપો ને.
આ છે તમારી સાથે ગોપનાથ/સી.એસ.પી.સી.
તો તે સાચી માહિતી ને અનુસરો ને.
મને એક વખત તો જીવામૃત પીવા આપો ને.

***દિલીપ ઝાલા સીએસપીસી – તળાજા***

## લઘુઉદ્યોગ વિકાસ માટે વર્કશોપનું આયોજન

અવિરત કંપનીનાં બોર્ડ ઓફ ડાયરેકટરશ્રીઓ અને લઘુઉદ્યોગકારો માટે ખાંભા ખાતે તા. ૨૯–૩૦ જાન્યુઆરી ૨૦૨૦ નાં રોજ કાર્યશાળા યોજાઈ જેમાં સેલ્કો ફાઉન્ડેશનના મેનેજરશ્રી કુલદીપ દીક્ષિત, સ્નેહ ટ્રસ્ટના કન્સલ્ટન્ટ શ્રી કુશાગ્ર, પીયુ મેનેજરશ્રી પ્રવિણ ઝાલંધરા, અવિરતના મેનેજર શ્રી વિશાલ ભેડા, સ્નેહકુંજના રીસોર્સ પર્સન અવંતિકા તંતી સામેલ થયા હતા.

હાજર રહેલા લઘુઉદ્યોગકારો જેવા કે ખાખરા બનાવટ, ટેલરીંગ, છાશ–દહીં ઉત્પાદક, આર્યુવૈદિક ઔષધી બનાવટ, સાબુ–ફીનાઈલ શેમ્પુની બનાવટ અને અન્ય ચીજ વસ્તુઓ ઉત્પાદિત કરતાં ઉદ્યોગ સાહસિક દ્વારા કામગીરીમાં પડતી મુશ્કેલીઓ અંગે રજુઆત કરતાં યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. ધંધાકીય આયોજન, સંચાલન માટે થનાર ખર્ચ, કેપીટલ મુડી, ધંધાની સાયકલ અને વેચાણ માટેનું આયોજન, ઉત્પાદિત માલ માટે માર્કેટિંગ, કાચા માલની ઉપલબ્ધતા, પેકીંગ ગુણવતા અને નાણાકીય લેવડ દેવડ અંગે વિશેષ જાણકારી આપવામાં આવી. ઉદ્યોગ માટે બ્રેકઈવન એનાલીસીસ, ધંધાની સ્પર્ધા અને ખાસ તો માર્કેટિંગ અને વેચાણ જેવા મુદાઓ ઉપર ભાર મુકીને લઘુઉદ્યોગકારોને ઉદાહરણ સાથે સમજણ પુરી પાડવામાં આવી. સાથે સાથે એ પણ સુચવ્યુ કે ધંધાને વધુ વિકસિત કરવા માટે બજારમા કેમ ઉત્પાદિત વસ્તુઓનું વધુ વેચાણ થાય તે માટે વેચાણનું સ્થાન, જાહેરાત, સારી સેવા, વ્યાજબી ભાવ ખૂબ જ મહત્વનાં પરિબળ છે ઉપરાંત અરૂણભાઈ દૂધાતએ સોલારની માહિતી આપી હતી.

પુરી ટીમ દ્વારા કાર્યરત લઘુઉદ્યોગ જેવા કે શ્રીજી મહિલા ગૃહઉદ્યોગ–આર્યુવૈદિક પ્રોડકટ ગીતાબેન રાઠોડ મોટા સમઢિયાળા ખાતે સુરતી છાશ કેન્દ્ર કમુબેન વાઘાભાઈ મેવાડાની મુલાકાત લઈને તમામ જાણકારી મેળવી.

## પ્રેરણા પ્રવાસ

લોકભારતી (આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર), માઈધારની મુલાકાત શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના લર્નીંગ એન્ડ માઈગ્રેશન પ્રોગ્રામના કાર્યકરોએ તા. ૧૦/૦૨/૨૦૨૦ના રોજ કરી હતી જેમાં સિવણકલાસ, કોમ્પ્યૂટર કલાસ, મોજીલું શિક્ષણ અને વૈજ્ઞાનિક પ્રયોગો કરાવવામાં આવે છે તેની વિગતો જાણી. મહિલાઓ ઘરબેઠા તેમની રોજગારી મેળવી શકે અને બાળકો પોતાનું જ્ઞાન વધારી શકે તે જાણવા મળ્યું. ૭૮ ગામ સાથે તેઓ કામ કરે છે તેમજ ૨૫૦ બાળકો શિક્ષણ લેવા માટે આવે છે અને ત્યાં રહેવાની અને જમવાની પણ સુવિધા છે. ભાઈઓ અને બહેનોને રહેવા માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા છે. ૬૩ ભાઈઓ અને ૧૦ બહેનો હોસ્ટેલમાં રહે છે. ઘનશ્યામભાઈ અશોકભાઈ ગોહિલ જે સંસ્થામાં સહસંયોજક તરીકે કામ કરી રહયા છે ઘનશ્યામભાઈએ સ્કુલ બતાવી જેમાં જુદા જુદા વિભાગોમાં કામ કરવામાં આવે છે તેની અમને માહીતી આપવામાં આવી હતી. ધોરણઃ ૯ થી ૧૨માટે લોક કલ્યાણ વિદ્યાલય કાર્યરત છે. તેમની વિચારધારા એવી છે કે કોઈપણ બાળક મોટું થઈને વૈજ્ઞાનિક બને.

સિવણકલાસમાં ૧ બેંચમાં ૧૦ બહેનો એમ બે પાળીમા ૨૦ બહેનો આવે છેં. આ વર્ગોમાં ફી લેવામાં આવતી નથી. સિવણ કલાસમાં ૬ થી ૮ મશીન મુકવામાં આવેલ છે. મહિલાઓ તેમનું કામ કરી શકે અને વધારાના સમયમાં પણ તે સીલાઈકામ શીખી શકે અને જેથી કરીને તે પોતાનું ગુજરાન ચલાવી શકે તેમજ કોમ્પ્યૂટર કલાસમાં ૧૩ થી ૧૪ કમ્પ્યૂટર પણ મુકવામાં આવ્યા છે અને તેમાં બે પાળીઓ રાખવામાં આવી છે. એક પાળીમાં ૩૦ બાળકો આવે છે.

મોજીલા શિક્ષણમાં ૭૮ ગામમાં જઈને સંસ્થા દ્વારા ભાર વિનાનુ શિક્ષણ આપવામાં આવે છે જેમાં શિક્ષક દ્વારા જે ગામ લેતા હોય તે ગામનો નકશો અને તેના નામ દર્શાવવામાં આવેલ છે અને જુદી જુદી રમતો રમતા રમતા શિક્ષણ મેળવે છે અને પ્રયોગશાળામાં જુદા જુદા પ્રયોગ કરાવવામાં આવે છે. અલગ અલગ એકટીવીટી દ્વારા બાળકોને શિક્ષણનું જ્ઞાન આપવામાં આવે છે. જેમ કે, પાણીની વમળોની પ્રક્રિયાની સમજ માટે, પૃથ્વીનું પરીભ્રમણ, માનવ શરીરના અંગો વગેરેની સમજ માટે અલગ અલગ મોડેલ દ્વારા પ્રયોગો કરવામાં આવે છે.જેમા પ્રયોગને લગતા સાધનો રાખવામાં આવે છે.

દોઢ વર્ષ સુધી ૫૦૦ થી ૬૦૦ જેટલાં બાળકો પાણીનો ઉપયોગ કરી શકે તેવો વરસાદી પાણીના સંગ્રહ માટે ટાંકો પણ બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત પશુ સંશોધન કેન્દ્ર પણ ચલાવે છે. આ પ્રવાસમાં સંસ્થાના કાર્યકરો ગોરધન વાઘેલા, રસિક ગોરસ્વા, હાર્દિક ભેવલીયા, અર્જુન ઝાંઝરૂકીયા, હિરલ ડોડીયા જોડાયા હતા.

**ઈશ્વર એવો ક્ષમાવાન છે કે આપણને હંમેશાં**

**Happy Birthday**

| | |
|---|---|
| Mehul Vaghela | 05.03.1998 |
| Mehul Pandya | 07.03.1990 |
| Jitesh Bambhaniya | 29.03.1998 |

**In this month**

| | |
|---|---|
| 10 | Exposure visit Maidhar. |
| 10 | RIR & Gender training Cotton Connect office at Ahmadabad. |
| 19-20 | Training on Early Child Education at HDRC campus at Ahmedabad. |
| 24 | School Managemnet Committe (SMC) Fedration Meeting at Ingorala. |

### એક રમૂજ થેરાપી

જો ૧ કરોડની લોટરી લાગી અને એ સમયે તમારી પત્ની કિડનેપ થઈ જાય કિડનેપર ૧ કરોડ રૂપિયા માગે તો તમે શું કરશો.

**પતિ :** એ બધુ તો ઠીક પણ મને વિશ્વાસ નથી આવતો કે એક જ દિવસમાં મને બે–બે લોટરી લાગે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2018-20**
**Valid Upto 31/12/2020**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**માની મમતાનું એક બિંદુ અમૃતના સમુદ્ર કરતાં વધારે મીઠું હોય છે.**